# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-07-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Wednesday** **National News**

## આકાશવાણી સમાચાર **ચૈતાલી જોષી** વાંચે છે.

*********************************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઑસ્ટ્રિયાના ચાન્સલર કાર્લ નેહમેર સાથે મુલાકાત કરી.
- ✓ 7 રાજ્યોની 13 વિધાનસભા બેઠકો પર પેટાચૂંટણી માટે આજે મતદાન થઈ રહ્યું છે.
- ✓ ઉત્તર પ્રદેશના ઉન્નાવમાં માર્ગ અકસ્માતમાં 18નાં મોત, રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી મોદીએ શોક વ્યક્ત કર્યો.
- ✓ હવામાન વિભાગે મધ્ય, ઉત્તર પશ્ચિમ અને પૂર્વોત્તર ભારતના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની અગાહી કરી.
- ✓ ...અને આંતરરાષ્ટ્રીય ટી20 ક્રિકેટ શ્રેણીમાં ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે આજે ત્રીજો મુકાલબો.

*********************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM AUSTRIA VISIT - NOON

**પ્રધાનમંત્રી મોદીએ ઑસ્ટ્રિયાના ચાન્સલર કાર્લ નેહમેર સાથે મુલાકાત કરી હતી. સોશિયલ મીડિયા પોસ્ટમાં કાર્લ નેહમેરનો આભાર માનતા શ્રી મોદીએ કહ્યું કે, આવાનારા સમયમાં ભારત અને ઑસ્ટ્રિયા વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે.**

પ્રધાનમંત્રી મોદીએ લખ્યું છે કે તેઓ બંને દેશો વચ્ચે થનારી વાટાઘાટો તેમજ સાથે મળીને કામ કરવા માટે ઉત્સાહી છે. ચાન્સલર નેહમેરે પણ આનંદ વ્યક્ત કરતા કહ્યું કે ઑસ્ટ્રિયામાં પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કરવું આનંદ અને સમ્માનની વાત છે. તેમણે કહ્યું કે ઑસ્ટ્રિયા અને ભારત મિત્ર છે અને સાથીદાર છે, તેઓ પ્રધાનમંત્રી મોદીની યાત્રા દરમિયાન રાજકીય અને આર્થિક ચર્ચા માટે ઉત્સાહી છે.

41 વર્ષોમાં પહેલીવાર કોઈ ભારતીય પ્રધાનમંત્રી ઑસ્ટ્રિયા પ્રવાસ કરી રહ્યા છે. પ્રધાનમંત્રી મોદી અને ઑસ્ટ્રિયાના ચાન્સલર આજે બંને દેશોના ઉદ્યોગિક નેતાઓને પણ સંબોધિત કરશે. ઉપરાંત શ્રી મોદી વિએનામાં ભારતીય સમુદાયના લોકો સાથે મુલાકાત કરશે. ગઈકાલે રાતે પ્રધાનમંત્રી મોદીએ ઑસ્ટ્રિયાના ચાન્સલર દ્વારા આયોજીત રાત્રી ભોજનના મહેમાન બન્યા હતા.

# BY POLLS ELECATION

સાત રાજ્યોમાં વિધાનસભાની 13 બેઠકો પર આજે પેટાચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. જેમાં પશ્ચિમ બંગાળની ચાર, ઉત્તરાખંડની બે, હિમાચલ પ્રદેશની 3, બિહારની એક, પંજાબની – એક, તામિલનાડુની -1 અને મધ્યપ્રદેશની – 1 વિધાનસભા બેઠકનો સમાવેશ થાય છે.

સવારે સાત વાગે શરૂ થયેલું મતદાન સાંજે 6 વાગ્યા સુધી ચાલશે. તમામ રાજ્યોમાં મદાનને પગલે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત કરાયો છે.

# REV DAY UP ACCIDENT

ઉત્તર પ્રદેશના  ઉન્નાવ જિલ્લાના બાંગરમાઉ નજીક લખનૌ-આગ્રા એક્સપ્રેસવે પર આજે સવારે એક ડબલ ડેકર બસ દૂધના ટેન્કર સાથે અથડાતાં 18 લોકોના મોત થયા, જ્યારે 19ને ગંભીર ઇજા થવા પામી છે.

બિહારના સીતામઢીથી દિલ્હી જઈ રહેલી આ બસને અકસ્માતમાં ભારે નુકસાન થયું હતું. પોલીસ અને અન્ય ઇમરજન્સી કર્મચારીઓ પીડિતોને બચાવવા અને ઘાયલોને હૉસ્પિટલ પહોંચાડવા માટે ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઉન્નાવના એસપી સિદ્ધાર્થ શંકર મીણાએ માહિતી આપી છે કે, ઘાયલોની સારવાર જિલ્લા હૉસ્પિટલમાં કરવામાં આવી રહી છે,

જ્યારે પાંચ ઘાયલ મુસાફરોને વધુ સારી સારવાર માટે લખનૌ ખસેડવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ મૃતકો માટે શોક વ્યક્ત કર્યો છે. રાષ્ટ્રપતિ મુર્મુએ પીડિતોના પરિવારજનો સભ્યો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. પ્રધાનમંત્રી શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટલમાં લખ્યું છે કે, રાજ્ય સરકારની દેખરેખ હેઠળ, સ્થાનિક વહીવટીતંત્ર પીડિતોને દરેક શક્ય રીતે મદદ કરવામાં વ્યસ્ત છે. તેમણે ઘાયલોના ઝડપી સાજા થવાની કામના કરી હતી.

શ્રી મોદીએ મૃતકોના પરિવારજનો માટે બે લાખ રૂપિયા અને ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાય પણ જાહેરાત કરી છે. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ અકસ્માત અંગે દુઃખ વ્યક્ત કર્યું છે અને અધિકારીઓને ઘાયલોને યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

# REV DAY UP ACCIDENT

ઉત્તર પ્રદેશના  ઉન્નાવ જિલ્લાના બાંગરમાઉ નજીક લખનૌ-આગ્રા એક્સપ્રેસવે પર આજે સવારે એક ડબલ ડેકર બસ દૂધના ટેન્કર સાથે અથડાતાં 18 લોકોના મોત થયા, જ્યારે 19ને ગંભીર ઇજા થવા પામી છે.

બિહારના સીતામઢીથી દિલ્હી જઈ રહેલી આ બસને અકસ્માતમાં ભારે નુકસાન થયું હતું. પોલીસ અને અન્ય ઇમરજન્સી કર્મચારીઓ પીડિતોને બચાવવા અને ઘાયલોને હૉસ્પિટલ પહોંચાડવા માટે ઘટનાસ્થળે દોડી ગયા હતા. ઉન્નાવના એસપી સિદ્ધાર્થ શંકર મીણાએ માહિતી આપી છે કે, ઘાયલોની સારવાર જિલ્લા હૉસ્પિટલમાં કરવામાં આવી રહી છે, જ્યારે પાંચ ઘાયલ મુસાફરોને વધુ સારી સારવાર માટે લખનૌ ખસેડવામાં આવ્યા છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ મૃતકો માટે શોક વ્યક્ત કર્યો છે. રાષ્ટ્રપતિ મુર્મુએ પીડિતોના પરિવારજનો સભ્યો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે. પ્રધાનમંત્રી શ્રી મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટલમાં લખ્યું છે કે, રાજ્ય સરકારની દેખરેખ હેઠળ, સ્થાનિક વહીવટીતંત્ર પીડિતોને દરેક શક્ય રીતે મદદ કરવામાં વ્યસ્ત છે. તેમણે ઘાયલોના ઝડપી સાજા થવાની કામના કરી હતી.

શ્રી મોદીએ મૃતકોના પરિવારજનો માટે બે લાખ રૂપિયા અને ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાય પણ જાહેરાત કરી છે. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ અકસ્માત અંગે દુઃખ વ્યક્ત કર્યું છે અને અધિકારીઓને ઘાયલોને યોગ્ય સારવાર સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે.

# UP FLOOD - YOGI VISIT

ઉત્તર પ્રદેશના મેદાન વિસ્તારોમાં પૂરની સ્થિતિ દિન-પ્રતિદિન વણસી રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કેન્દ્રીય મંત્રી જિતેન પ્રસાદ સાથે મળીને પિલિભિત અને લખીમપુર ખેરી જિલ્લાની મુલાકાત લીધી હતી. લખીમપુર ખિરિમાં પૂરની સૌથી વધુ અસર થઈ છે.

ઉત્તર પ્રદેશમાં અમારા સંવાદદાતા જણાવે છે કે, પિલિભિત રૂટ પરનો રેલ વ્યવહાર ખોરવાયો છે. અનેક સ્થળોએ પાણી ભરતા શાળા-કૉલેજોમાં રજા જાહેર કરાઈ છે. પિલિભિતમાં વધુ પાંચ લોકોને બચાવી લેવાયા છે. આ જિલ્લામાં પૂરને પગલે અંદાજે એક લાખ લોકો પ્રભાવિત થયા છે.

# IMD WEATHER

હવામાન વિભાગે મધ્ય, ઉત્તર પશ્ચિમ અને પૂર્વોત્તરના રાજ્યોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આગામી 24 કલાક દરમિયાન પશ્ચિમ બંગાળ, સિક્કિમ, ગોવા અને તટિય કર્ણાટકમાં ભારે વરસાદની શક્યતા છે.

ઉત્તર બિહાર, ઉત્તરાખંડ, પૂર્વીય ઉત્તર પ્રદેશ, બિહારના કેટલાક ભાગોમાં ઉપરાંત ઝારખંડ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, દક્ષિણ-પૂર્વીય રજસ્થાન, પૂર્વીય ગુજરાત, લક્ષદીપ, કોંકણ અને ગોવા તેમજ તેલંગાણાના કેટલાક ભાગોમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

આ ઉપરાંત હિમાચલ પ્રદેશ, આંદમાન અને નિકોબાર, મધ્ય પ્રદેશ, પૂર્વોત્તર ભારત, મરાઠાવાડા, મધ્ય મહારાષ્ટ્ર, વિદર્ભ, ઓડિશા, આંધ્ર પ્રદેશના ઉત્તરી ભાગોમાં હળવો વરસાદ વરસી શકે છે.

ગઈકાલે મહારાષ્ટ્રમાં મુબંઈ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદને પગલે રેલ અને વાહનવ્યવહાર ખોરવાયો હતો. તો દિલ્હીમાં વરસાદને પગલે કેટલાક વિસ્તારોમાં પાણી ભરાયા હતા.

# MID BREAK NEWS NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# SAUMYA SWAMINATHAN

પ્રોફેસર ડૉક્ટર સૌમ્યા સ્વામીનાથનને આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલયના મુખ્ય સલાહકાર નિયુક્ત કરાયા છે. તેમને લોક કલ્યાણના અધારે રાષ્ટ્રીય ક્ષય રોગ નિવારણ કાર્યક્રમની જવાબદારી સોંપાઈ છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું છે કે, પ્રૉફેસર સ્વામીનાથન રાષ્ટ્રીય ક્ષય રોગ નિવારણ કાર્યક્રમના લક્ષ્યાંકને હાંસલ કરવા માટે સમગ્ર કાર્યનીતિ વિશે તકનિકી માર્ગદર્શન આપશે.

પ્રોફેસર સ્વામીનાથન વિશ્વ આરોગ્ય સંગઠનના ભૂતપૂર્વ વૈજ્ઞાનિક છે, તેમણે ભારતીય આયુર્વિજ્ઞાન સંશોધન પરિષદના મહાનિદેશક તરીકે પણ કામ કર્યું છે.

# ISRAELI AIR STRIKE

ઇઝરાયેલે દક્ષિણ ગાઝામાં કરેલા હવાઈ હુમલામાં 25 પેલેસ્ટિનિયનના મોત થયા છે. હમાસ સંચાલિત આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર હવાઈ હુમલો જ્યાં કરાયો છે તે એક શાળા છે, જેમાં હજારો વિસ્થાપિત લોકોએ શરણ લીધી હતી. અધિકારીઓ અનુસાર મૃત્યુઆંક વધી શકે છે.

ઇઝરાયેલી સેના દ્વારા નાગરિકોના અબાસન અલ કબીરા તેમજ પૂર્વીય ખાન યુનિસના અન્ય વિસ્તારો ખાલી કરવાના આદેશના એક અઠવાડિયા બાદ આ હુમલો કરાયો છે, જેને કારણે હજારો લોકોને પલાયન કરવાની ફરજ પડી છે.

દરમિયાન ઇઝરાયેલની સેનાએ કહ્યું છે કે, શાળા નજીક થયેલા હવાઈ હુમલા અને જાનહાનિનાના અહેવાલોની સમીક્ષા કરાઈ રહી છે. સૈન્યએ દાવો કર્યો છે કે, આ હવાઈ હુમલો હમાસના આતંકવાદીઓને નિશાન બનાવીને કરાયો હતો, જેઓ અગાઉ ઇઝરાયેલ પરના એક હુમલામાં સામેલ હતા.

# POSTS DEPT 100 DAY PLAN

સંદેશાવ્યવહાર મંત્રાલય હેઠળના પોસ્ટ વિભાગ  દ્વારા આગામી 100 દિવસમાં દેશભરમાં પાંચ હજાર ડાક ચૌપાલોનું આયોજન કરશે. સંદેશાવ્યવહાર મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ પોસ્ટ વિભાગના 100-દિવસીય કાર્ય યોજનાની સમીક્ષા કરી અને સેવા વિતરણમાં પરિવર્તન લાવવા તેમજ કાર્યક્ષમતા વધારવા માટે વિવિધ પગલાંઓની ચર્ચા કરી. મંત્રાલયે જણાવ્યું હતું કે, આ પહેલ હેઠળ ડાક ચૌપાલો ગ્રામીણ રહેવાસીઓ અને સરકારી કાર્યો વચ્ચે મહત્વપૂર્ણ કડી તરીકે કામ કરશે, સાથે જ અંતર અને સુલભતા જેવા અવરોધોને ઘટાડશે.

100 દિવસના આ સમયગાળા દરમિયાન ટપાલ વિભાગ પોસ્ટ ઓફિસ એક્સપોર્ટ સેન્ટર પોર્ટલ પર ત્રણ હજાર નવા નિકાસકારોની નોંધણી કરશે, જેથી નાના નિકાસકારોને મદદ કરીને ગ્રામીણ નિકાસને પ્રોત્સાહન આપી શકાય.

# MAHA-EARTHQUAKE

મહારાષ્ટ્રના નાંદેડ, હિંગોલી અને પરભણી જિલ્લામાં આજે સવારે 7.15 મિનિટે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર રામેશ્વર ટાંડા ગામ, કલામનુરી તાલુકા, હિંગોલી જિલ્લામાં સ્થિત હતું.

રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા 4.5 નોંધાઈ હતી. જિલ્લા પ્રશાસને ભૂકંપથી કોઈ નુકસાન થયું નથી, આ વાતની પુષ્ટિ કરી છે. આ વિસ્તારમાં 21મી માર્ચે પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા.

# INDIA ZIMBABWE

ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચેની ટી20 શ્રેણીની ત્રીજી મેચ આજે ઝિમ્બાબ્વેનાં હરારે સ્પોર્સ્ટ ક્લબ મેદાનમાં રમાશે. આ મેચ સાંજે સાડા ચાર વાગ્યાની આસપાસ શરૂ થશે. પાંચ મેચની આ શ્રેણીમાં બંને ટીમો એક-એક મેચ જીતી ચૂકી છે.

શુભમન ગિલના નેતૃત્વમાં ભારતની યુવા ટીમ આજે મેચ જીતીને શ્રેણીમાં બઢત હાંસલ કરવાનો પ્રયાસ કરશે. આ પૂર્વેની મેચમાં અભિષેક શર્માની શાનદાર સદીને કારણે ભારતે ઝિમ્બાબ્વેને 100 રનોથી પરાસ્ત કર્યું હતું. જ્યારે સૌથી પહેલી મેચમાં મેજબાન ટીમ સામે માત્ર 13 રનથી હાર્યા બાદ ભારતે બીજી મેચ જીતીને બરાબરી કરી હતી.

# ICC - BUMRAH

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ – ICCએ રાજ્યના ક્રિકેટ ખેલાડી જસપ્રીત બુમરાહને વર્ષ 2024ના જૂન મહિના માટે ICC મેન્સ પ્લેયર ઑફ ધ મંથ જાહેર કર્યા છે. જસપ્રીત બુમરાહે ટવેન્ટી ટ્વેન્ટી વિશ્વકપમાં શાનદાર પ્રદર્શન કરતા 8 મેચમાં 15 વિકેટ ઝડપ્યાં હતા. તેમને પ્લેયર ઑફ ધી ટુર્નામેન્ટ પણ જાહેર કરાયા હતા.

આ તરફ ભારતીય મહિલા ટીમના વાઇસ કેપ્ટન સ્મૃતિ મંધાનાને જૂન માસ માટે ICC વિમેન પ્લેયર ઑફ ધી મંથ જાહેર કરાયા છે. દક્ષિણ આફ્રિકા વિરુદ્ધ શાનદાર પ્રદર્શન બદલ તેમને આ ખિતાબ આપવામાં આવ્યો છે.

# WOMEN-CRICKET

મહિલા આંતરરાષ્ટ્રીય ટી20 શ્રેણીની અંતિમ મેચમાં ભારતે દક્ષિણ આફ્રિકાને 10 વિકેટે હરાવીને ટી20માં દક્ષિણ આફ્રિકા સામે અત્યાર સુધીની સૌથી મોટી જીત હાંસલ કરી છે.

ચેન્નઈના એમએ ચિમ્દમ્બરમ સ્ટેડિયમમાં ત્રીજી અને અંતિમ મેચ રમાઈ હતી. જેમાં 85 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય ટીમે માત્ર 10.5 ઓવરમાં જીત હાંસલ

કરી હતી. આ પૂર્વે 2021માં ભારતીય ટીમે 11 ઑવરમાં દક્ષિણ આફ્રિકા સામે જીત હાંસલ કરી હતી.

ગઈકાલે મેચમાં શાનદાર જીત સાથે ભારતીય ટીમે શ્રેણી એક-એકથી બરાબર કરી છે. આ શ્રેણીની બીજી મેચ વરસાદને કારણે રદ્દ રહી હતી. ભારત તરફથી પૂજા વસ્ત્રાકરને પ્લેયર ઑફ ધી મેચ જાહેર કરાયા. શ્રેણીમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ તેમને પ્લેયર ઑફ ધી સિરીઝ પણ જાહેર કરાયા. આ પૂર્વે દક્ષિણ આફ્રિકાએ પ્રથમ બેટિંગ કરતા 17.1 ઓવરમાં 84 રન બનાવ્યા હતા. જેની સામે ભારતીય ટીમે એક પણ વિકેટ ગુમાવ્યા વિના, આ લક્ષ્ય હાંસલ કર્યું હતું.

ભારત તરફથી પ્રથમ બેટિંગ કરવા ઉતરેલા સ્મૃતિ મંધાનાએ 40 બોલમાં 54 રન, જ્યારે શેફાલી વર્માએ 25 બોલમાં 27 રન બનાવ્યા હતા.